# પ્રભાવના

'પ્રભાવના' શબ્દ જૈનોમાં વિશેષ પ્રચલિત છે. મંદિરોમાં-ઉપાશ્રયોમાં કેટલીક વાર 'પ્રભાવના' વહેંચવામાં આવે છે. દેરાસરમાં સ્નાત્રપૂજા કે કોઈ મોટી પૂજા પછી કે અન્ય કોઈ ધાર્મિક અનુષ્ઠાનપ્રસંગે એમાં ભાગ લેનાર કે ઉપસ્થિત રહેનારાં સૌ કોઈને પતાસાં, શ્રીફળ, લાડુ, રોકડ નાણું, સિક્કા કે એવી કોઈ ચીજવસ્તુઓ ભેટ તરીકે આપવામાં આવે છે. ઉપાશ્રયમાં વ્યાખ્યાન પછી, જાપ પછી, પ્રતિક્રમણ પછી કે એવી કોઈ સામુદાયિક ધાર્મિક વિધિ પછી કેટલીક વાર સૌકોઈને કોઈ ચીજવસ્તુની ભેટ આપવામાં આવે છે. કોઈ ગૃહસ્થના ઘરે તપશ્ચર્યા વગેરેના કોઈ મંગલ પ્રસંગે કે ભક્તિસંગીતના પ્રસંગે પણ ભેટ અપાય છે. ધર્મના ક્ષેત્રે, ધર્મના પ્રસંગે, ધર્મના નિમિત્તે અપાતી ભેટ કે લ્હાણી માટે જૈનોમાં 'પ્રભાવના' શબ્દ સુપ્રચલિત છે. ધર્મનો પ્રભાવ જેનાથી વધે, અર્થાત્ જેનાથી ધર્મ પ્રત્યે આકર્ષણ થાય એવા નિમિત્તને માટે અપાતી વસ્તુ માટે 'પ્રભાવના' શબ્દ સ્થૂલ અર્થમાં રૂઢ થઈ ગયો છે. બાલજીવોને લક્ષમાં રાખી આવો શબ્દ પ્રયોજાયેલો છે. પણ 'પ્રભાવના'નો આ તો માત્ર સ્થૂલ અર્થ છે. એનો સૂક્ષ્મ અર્થ એથી પણ વધુ મહત્ત્વનો છે.

પ્રભાવના શબ્દ 'પ્ર + ભાવના' એ રીતે આવેલો છે. 'પ્ર' એટલે વિશેષ, પ્રભાવના એટલે વિશેષપણે પ્રવર્તતી ભાવના. વ્યવહારથી કેટલાક એવો અર્થ કરે છે કે ભાવના એટલે પોતાનામાં રહેલી શુભ ભાવના અને પ્રભાવના એટલે પોતાનામાં તથા અન્યમાં પ્રવર્તાવવામાં આવતી શુભ ભાવના. 'પ્રભાવના' શબ્દ અન્યને લક્ષીને વિશેષ પ્રયોજાય છે.

પ્રભાવના શબ્દ 'પ્રભા' ઉપરથી આવેલો પણ મનાય છે. 'પ્રભા' એટલે વિશિષ્ટ તેજ અથવા પ્રકાશ. પ્રભાવ એટલે વિશિષ્ટ અસર. જે ક્રિયાથી આત્માનું તેજ વધે તે ક્રિયાને 'પ્રભાવના' કહી શકાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રભાવનાના 'નિશ્ચય પ્રભાવના' અને 'વ્યવહાર પ્રભાવના' એવા બે પ્રકાર બતાવવામાં આવે છે. નિશ્ચય પ્રભાવનાની સમજણ આપતાં કહેવાયું છે:

**सम्यग्दर्शनज्ञानचारित्ररत्नत्रयप्रभावेन आत्मनः**
**प्रकाशन प्रभावनम्।**

(સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રરૂપી રત્નત્રયના પ્રભાવથી આત્માને પ્રકાશમાન કરવો એનું નામ પ્રભાવના છે.)

*

**विज्जारहमारूढो मणोरहपएसु ममई जो चेदा।**
**सो जिणणाणपहावी सम्मदिट्ठा मुणेयव्वो।।**

(જે આત્મવિદ્યારૂપી રથ ઉપર આરૂઢ થઈને જ્ઞાનરૂપી રથના માર્ગમાં ભ્રમણ કરે છે તે જિનેશ્વર ભગવાનના જ્ઞાનની પ્રભાવના કરનાર સમ્યગ્દૃષ્ટિ જીવ છે એમ કહેવાય છે.)

**मोहारतिक्षतेः शुद्धः शुद्धाच्छुद्धतरस्ततः।**
**जीवः शुद्धतमः कश्चिदयस्तीत्यात्मप्रभावना।।**

(મોહરૂપી શત્રુનો નાશ કરતાં જઈ શુદ્ધમાંથી શુદ્ધતર અને શુદ્ધતરમાંથી શુદ્ધતમ ભૂમિકા ઉપર પહોંચવાનો પુરુષાર્થ તે આત્મપ્રભાવના છે.)

વળી કહેવાયું છે કે વ્યવહારરૂપ પ્રભાવનાના ગુણથી મિથ્યાત્વ તથા વિષય-કષાય વગેરેના વિભાવનો નાશ કરીને શુદ્ધોપયોગ દ્વારા પોતાના શુદ્ધાત્માને પ્રકાશમાન કરવો એનું નામ પ્રભાવના છે.

આમ, પ્રભાવના એટલે પ્રગટ કરવું, પ્રકાશિત કરવું, ઉદ્યોત કરવું. આ પ્રમાણે પોતાના જ્ઞાનને નિરંતર વધારતાં જવું એને નિશ્ચિયદૃષ્ટિએ પ્રભાવના કહેવામાં આવે છે.

વ્યવહાર પ્રભાવના એટલે એવી ધર્મક્રિયા કે જેનાથી ધર્મનો પ્રભાવ વધે એટલે કે ઘણાં લોકો ધર્મ પ્રત્યે આકર્ષાય.

ધર્મનો પ્રભાવ ઘણી જુદી જુદી રીતે થઈ શકે છે. એટલે પ્રભાવનાના જુદા જુદા પ્રકાર દર્શાવવામાં આવે છે.

સંસારમાં તરણતારણની દૃષ્ટિએ ચાર પ્રકારના જીવો બતાવવામાં આવે છે. કેટલાક એવા જીવો હોય છે કે જે પોતાના આત્માનું કલ્યાણ કરી શકે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે, પણ બીજા કોઈનું કલ્યાણ કરતા નથી. જિનકલ્પી સાધુઓ એ પ્રકારના હોય છે. કેટલાક એવા જીવો હોય છે જે બીજાનું કલ્યાણ કરી શકે છે, પરંતુ ખુદ પોતાનું આત્મકલ્યાણ કરી શકતા નથી, કારણ કે પોતે જે ઉપદેશ આપે છે તે ઉપદેશમાં પોતાને જ શ્રદ્ધા હોતી નથી. અભવ્ય જીવો આ પ્રકારના હોય છે. કેટલાક જીવો એવા હોય છે કે જે બીજા અનેક જીવોને ધર્મના કલ્યાણ-પંથે વાળે છે, અને પોતાનું પણ આત્મકલ્યાણ બરાબર કરે છે. તીર્થંકરોના જીવો આ પ્રકારના હોય છે. તદુપરાંત કેટલાક સમ્યગ્દૃષ્ટિ આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ વગેરે આ પ્રકારના હોય છે. કેટલાક જીવો એવા હોય છે જે પોતાનું કે બીજા કોઈનું કલ્યાણ કરવાને સમર્થ નથી હોતા. મિથ્યાદૃષ્ટિ સામાન્ય જીવો આ પ્રકારના હોય છે.

જે જીવો સ્વકલ્યાણ સાધવા સાથે અનેક જીવોને ધર્મના પંથે વાળી શકે તેઓ ધર્મની પ્રભાવના વિશેષપણે કરી શકે છે. જે વ્યક્તિને ધર્મતત્ત્વમાં રુચિ અને શ્રદ્ધા હોય અને તેની સહજ સાચી પ્રતીતિ અનુભવી હોય તે જ વ્યક્તિ પોતાની વિશિષ્ટ શક્તિ વડે બીજાની પાસે ધર્મની વાત વધુ અસરકારક રીતે રજૂ કરી શકે. જેને પોતાને જ ધર્મમાં શ્રદ્ધા ન હોય તેવી વ્યક્તિ બીજાની પાસે ધર્મની વાત અસરકારક રીતે મૂકી ન શકે; પોતાની વાચાળ શક્તિથી કદાચ મૂકે તો પણ એની અસર ઝાઝો સમય ટકે નહિ.

આમ, ધર્મની પ્રભાવના કરવા માટે ધર્મમાં સાચી સમજણપૂર્વકની ઊંડી શ્રદ્ધાની પ્રથમ આવશ્યકતા છે. સમ્યગ્દૃષ્ટિ વ્યક્તિ જ ધર્મની સારી પ્રભાવના કરી શકે. એથી જ પ્રભાવનાને સમ્યગ્દર્શન સાથે ગાઢ સંબંધ છે. એટલા માટે પ્રભાવના એ દર્શનાચારનો વિષય છે.

જૈન ધર્મ આચારપ્રધાન ધર્મ છે. દરેકદરેક વિષયમાં શું શું કરવા યોગ્ય છે અને શું શું ન કરવા જેવું છે તેની વિગતે છણાવટ જૈન ધર્મમાં કરવામાં આવી છે. મોક્ષમાર્ગમાં સહાયરૂપ ત્રણ મુખ્ય તત્ત્વ છે : સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર. એ ત્રણેને પુષ્ટિ આપવા માટે તપ અને વીર્ય ઉપર પણ એટલો જ ભાર મૂકવામાં આવ્યો છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પંચાચારની નિરતિચાર શુદ્ધિવૃદ્ધિ માટે કેટલાક આચારો દર્શાવવામાં આવ્યા છે. (૧) વિધિપૂર્વક દોષરહિત થઈને જ્ઞાન ગ્રહણ કરવું તે જ્ઞાનાચાર છે. (૨) શંકા વગેરે દોષોનો ત્યાગ કરીને શુદ્ધ સમ્યક્ત્વની સાચી આરાધના કરવી તે દર્શનાચાર છે. (૩) પાંચ પ્રકારની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમિતિ અને ત્રણ પ્રકારની ગુપ્તિનું શુદ્ધ પાલન કરવું તે ચારિત્રાચાર છે. (૪) આત્મકલ્યાણને માટે બાર પ્રકારનું તપ યથાશક્તિ કરતાં રહીને કર્મની નિર્જરા કરવી તે તપાચાર છે. (૫) ધર્મકરણીમાં શક્ય તેટલી શક્તિ સ્ફુરાવવી તે વીર્યાચાર છે.

દર્શનાચારના આઠ પ્રકાર શાસ્ત્રકારોએ નીચે પ્રમાણે બતાવ્યા છે :

**'निस्संकिअ निक्कंखिअ**
**निव्वितिगिच्छा अमूढ दिट्ठिअ;**
**उपवुह थिरीकरणे,**
**वच्छल पभावणे अठ्ठ.'**

(૧) નિઃશક્તિ — જિનવચનમાં સંશય ન રાખવો. (૨) નિઃકાંક્ષિત — અન્ય મિથ્યા દર્શનોની આકાંક્ષા ન કરવી. (૩) નિર્વિચિકિત્સા — સાધુઓનાં મલિન વસ્ત્રાદિ જોઈ દુર્ગંછા ન કરવી, જુગુપ્સા ન કરવી અથવા ધર્મના ફળ વિશે સંશય ન કરવો. (૪) અમૂઢતા — વિદ્યાવંત કુતીર્થિકની ઋદ્ધિ કે ઠાઠમાઠ દેખીને ચલિત ન થઈ જવું. (૫) ઉપબૃહણા — સાધર્મિક જીવોના દાનશીલાદિ સદ્‌ગુણોની પ્રશંસા, અનુમોદના કરવી અને તેના સદ્‌ગુણોની વૃદ્ધિ થાય તેમ કરવું. (૬) સ્થિરીકરણ — ધર્મમાંથી ચલિત થવા જતા જીવોને ધર્મમાર્ગમાં પુનઃ સ્થિર કરવા. (૭) વાત્સલ્ય — સાધર્મિકોની ભોજનવસ્ત્રાદિ દ્વારા બહુમાનપૂર્વક ભક્તિ કરવી અને તેમનું વત્સલતાથી હિત ચિંતવવું. (૮) પ્રભાવના — પ્રવચન, ધર્મકથા, વાદીવિજય, દુષ્કર તપ વગેરે કરવા દ્વારા ધર્મનો પ્રભાવ વધારવો. એવાં કાર્યો કરવાં કે જેથી અન્ય લોકો પણ ધર્મની પ્રશંસા, અનુમોદના કરે અને ધર્મનું આલંબન સ્વીકારવા પ્રેરાય.

ધર્મની પ્રભાવના સર્વોત્તમ રીતે તો તીર્થંકર પરમાત્મા જ કરતા હોય છે. એમની અનુપસ્થિતિમાં પ્રભાવક આચાર્ય ભગવંતો, પ્રભાવક ઉપાધ્યાય ભગવંતો, પ્રભાવક સાધુ ભગવંતો વગેરે ધર્મનો ઘણો સારો પ્રભાવ કરે છે. પ્રભાવનાનો સમ્યકત્વ સાથે સંબંધ છે. સમકિતના સડસઠ બોલમાં પ્રભાવનાનો નિર્દેશ બે વખત કરવામાં આવ્યો છે. સમકિતનાં પાંચ ભૂષણમાંનું એક ભૂષણ તે પ્રભાવના છે. આ દર્શાવે છે કે સ્વ-પર ઉપકારક એવી પ્રભાવનાનું મહત્ત્વ કેટલું બધું છે. પ્રભાવના એટલા માટે તીર્થંકર નામકર્મના કારણરૂપ મનાય છે.

**'જો હોવે મુજ શક્તિ ઈસી,**
**સવિ જીવ કરું શાસનરસી.'**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી ભાવદયા દ્વારા તીર્થંકર નામકર્મની નિકાચના થાય છે, જે ધર્મ-પ્રભાવનાના મૂળમાં રહેલી છે.

પોતપોતાના ધર્મનો પ્રચાર કરવાનું સૌ કોઈને ગમે. પોતાના ધર્મમાં અન્ય લોકોને રસ લેતા જોઈને અથવા પોતાનો ધર્મ સ્વીકારતા અને આચરતા જોઈને સૌ કોઈને આનંદ થાય એ સ્વાભાવિક છે. દુનિયામાં બધા જ ધર્મો સમાન, એકસરખા છે, એમ કહેવું તત્ત્વની દૃષ્ટિએ યોગ્ય નથી. દરેક ધર્મને પોતાની કંઈક વિશેષતા હશે, તોપણ માત્ર વ્યાવહારિક સદાચારની ભૂમિકાથી માંડીને આત્મતત્ત્વની ઊંડી વિચારણા સુધી જનારા ધર્મો ઘણા ઓછા છે. તેમાં પણ સમગ્ર જીવનસૃષ્ટિને આવરી લેનાર, સંસારની સમગ્ર ઘટનાઓનો સકારણ પ્રતીતિકર ખુલાસો આપનાર, આત્મતત્ત્વની ગહન વિચારણા કરનાર ધર્મ વિરલ છે.

ધર્મનો પ્રચાર થાય એ ગમતી વાત છે, પરંતુ 'પ્રચાર' શબ્દ બીજા વિશ્વયુદ્ધ પછી વર્તમાન સમયમાં કંઈક વગોવાયેલો છે. અસત્યનું વારંવાર પુનરુચ્ચારણ કરવાથી તે સત્ય જેવું ભાસે છે એવી પ્રચારની યુદ્ધનીતિ જાણીતી છે.

જગતમાં કેટલાક ધર્મોનો ફેલાવો તલવારના જોરે કે બંદૂકની અણીએ થયો છે. બળજબરીથી થયેલી ધર્મની વટાળપ્રવૃત્તિ ઇતિહાસે જોઈ છે. અન્ય ધર્મીઓની જ્યારે સામુદાયિક કતલ કરવામાં આવી છે ત્યારે પોતાના પ્રાણ બચાવવાને માટે માણસે ધર્માન્તર કર્યું છે. ક્યારેક રાજાનો ધર્મ પ્રજાએ સ્વીકાર્યો છે અને રાજા ધર્માન્તર કરે ત્યારે પ્રજા પણ ધર્માન્તર કરે એવી ઘટનાઓ પણ બની છે. ગરીબ, અજ્ઞાન લોકોને પૈસા અને ચીજવસ્તુઓ દ્વારા લલચાવીને તેમની પાસે ધર્માન્તર કરાવવામાં આવ્યું હોય એવા ઘણા દાખલા છે. ધર્મપ્રચારમાં અસત્યનો, અનીતિનો, લાલચનો, છેતરપિંડીનો, ત્રાસવાદનો આશ્રય પણ કેટલીક વાર લેવાયો છે. આવી રીતે થતો ધર્મપ્રચાર વ્યાપક ભલે ગમે તેટલો થાય, પરંતુ તેમાં ઊંડાણ નથી હોતું. એ આચરનારા લોકો પણ સપાટી પરનું ધર્માચરણ કરતા હોય છે.

પોતાના ધર્મનો પ્રચાર પ્રામાણિકતાથી કરવામાં આવે એને માટે 'પ્રચાર' શબ્દ કરતાં 'પ્રસાર' શબ્દ વધુ યોગ્ય છે. પરંતુ ક્યારેક એમાં સંખ્યા વધારવાની લાલચમાં ધર્મના મૂળભૂત સિદ્ધાંતોનો ભોગ અપાય છે. અનેક લોકો પ્રેમથી ધર્મ સ્વીકારે છે, પરંતુ એના હાર્દ સુધી ઓછા લોકો પહોંચે છે. રાજ્યસત્તાના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આશ્રયે અથવા પુષ્કળ નાણાં ખર્ચીને, ભાડૂતી ધર્મપ્રચારકો રોકીને ધર્મનો પ્રચાર કરાવાય છે. એવા પ્રચારમાં લોકો ધર્મ તરફ આવે છે એમ કહેવા કરતાં ધર્મને લોકો તરફ લઈ જવામાં આવે છે એમ કહેવું વધુ યોગ્ય ગણાય.

'પ્રચાર' કે 'પ્રસાર' કરતાં 'પ્રભાવના' શબ્દ ચઢિયાતો છે. પ્રભાવનામાં ઉત્તમ ધર્મની પ્રતીતિ થતાં લોકો પોતે જ સ્વેચ્છાએ એ ધર્મ પ્રતિ આકર્ષાય છે, એથી આનંદિત થાય છે અને જીવનમાં તે ધર્મ ઉતારવા માટે પ્રવૃત્ત બને છે. પ્રભાવનામાં અસત્ય, અનીતિ, છેતરપિંડી, લાલચ, કૃત્રિમ પ્રયાસ ઇત્યાદિનો આશ્રય લેવામાં આવતો નથી. પ્રભાવનાના પાયામાં સત્ય, ન્યાય, નીતિ, પ્રામાણિકતા, અનુકંપા, લોકહિતની સાચી ભાવના ઇત્યાદિ રહેલાં હોય છે. જીવમાત્રના ઐહિક તથા પારલૌકિક કલ્યાણનો પરમ સંદેશ પ્રભાવનામાં સહજ રીતે અનુસ્યૂત રહેલો છે.

જૈન ધર્મમાં પોતપોતાની વિશિષ્ટ શક્તિ વડે ધર્મનો પ્રભાવ વધારનારી મહાન વ્યક્તિઓના આઠ જુદા જુદા પ્રકાર આ પ્રમાણે દર્શાવવામાં આવ્યા છે : (૧) પ્રવચન પ્રભાવક, (૨) ધર્મકથક પ્રભાવક, (૩) વાદી પ્રભાવક (અથવા નિરપવાદ પ્રભાવક), (૪) નિમિત્તવેત્તા પ્રભાવક (અથવા ત્રિકાલજ્ઞ પ્રભાવક), (૫) તપસ્વી પ્રભાવક, (૬) વિદ્યા પ્રભાવક, (૭) સિદ્ધ પ્રભાવક (અથવા વ્રતાચરણ પ્રભાવક), (૮) કવિ પ્રભાવક. શાસ્ત્રગ્રન્થોમાં કહ્યું છે :

**पावयणी धम्मकही,**
**वाई निमित्तिओ तवस्सी य।**
**विज्जा सिद्धो य कवि,**
**अट्ठेव पभावगा भणिया।।**

(પાવયણી એટલે કે પ્રવચન કરનાર, ધર્મકથી એટલે ધર્મકથા કરનાર, વાદી, નિમિત્તક, તપસ્વી, વિદ્યાના જાણકાર, સિદ્ધ અને કવિ એમ આઠ પ્રકારના પ્રભાવક કહેવામાં આવ્યા છે.)

અન્ય મતાનુસાર આઠ પ્રકારના પ્રભાવકોમાં 'અતિશેષર્દ્ધિ પ્રભાવક' અને 'રાજગણસંમત પ્રભાવક' એવા બે પ્રકારો પણ ગણવામાં આવ્યા છે. 'પ્રવચન-સારોદ્ધાર'માં કહ્યું છે :

**आइसेस इड्ढि धम्मकही,**
**वाई आयरिय खवग नमिती।**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

विज्जा रायगणसम्मया,
य तीथ्थं पभावंति।।

અતિશેષર્દ્ધિ એટલે અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન ધરાવનાર તથા આમર્ષ ઔષધિ આદિ અતિશય સમૃદ્ધિ ધરાવનાર પ્રભાવક. રાજસંમત એટલે રાજાની પ્રીતિવાળા અને ગણસંમત એટલે મહાજનના બહુમાનવાળા પ્રભાવક. વર્તમાન સમયમાં અતિશેષર્દ્ધિના પ્રકારના પ્રભાવકો જોવા મળતા નથી.

આ જુદા જુદા પ્રકારના પ્રભાવકોમાં વર્તમાન સમયમાં તેવા પ્રકારની શક્તિ વિશેષ ન હોવાને કારણે અથવા તેવા પ્રકારનાં પ્રયોજનો કે પ્રસંગો ન હોવાને કારણે નિમિત્ત પ્રભાવક, વિદ્યા પ્રભાવક, સિદ્ધ પ્રભાવક જેવા પ્રકારના પ્રભાવકો હવે જોવા મળતા નથી.

આ બધા પ્રભાવકોમાં પ્રવચન પ્રભાવકનું મહત્ત્વ ઘણું મોટું છે, કારણ કે અન્ય કેટલાક પ્રભાવકોથી બાલજીવો આકર્ષાય છે, પરંતુ બાલજીવો સહિત બુદ્ધિશાળી જીવો તો પ્રવચન પ્રભાવકથી જ વધુ આકર્ષાય. સાચી વ્યક્તિના અંતરમાં વિસ્મય કે ચમત્કારથી નહિ, પરંતુ બુદ્ધિપૂર્વકની તર્કસંગત આંતરપ્રતીતિ દ્વારા પ્રવચન પ્રભાવકો ધર્મનાં બીજ-મૂળ ઊંડાં વાવી શકે છે. જેમ પ્રવચન પ્રભાવકોની સંખ્યા મોટી તેમ ધર્મનો પ્રચાર અને પ્રભાવ વિશેષ થઈ શકે; પરંતુ પ્રવચન પ્રભાવક બનવા માટે દેશવિરતિમય કે સર્વવિરતિમય નિરતિચાર સંયમી જીવન અને દર્શનવિશુદ્ધિની સાથે સાથે પ્રવચનના મર્મને જાણવાની વિશિષ્ટ શક્તિની અપેક્ષા રહે છે. જે બધામાં હોઈ ન શકે.

પ્રવચન એટલે દ્વાદશાંગી. જિનેશ્વર ભગવાનની દેશનાને ગણધરો દ્વાદશાંગીમાં ગૂંથી લે છે. આ આગમોના અર્થ અને ગૂઢ રહસ્યને જાણનારા યુગપ્રધાન આચાર્યો પોતાનાં વ્યાખ્યાનો દ્વારા અનેક જીવોને બોધ પમાડે છે.

પ્રવચન પ્રભાવનાનો દર્શનવિશુદ્ધિ સાથે અવિનાભાવ સંબંધ છે. એટલે કે એક ન હોય તો બીજું પણ ન હોય. દર્શનવિશુદ્ધિ ન હોય તો પ્રવચન પ્રભાવના પણ ન જ હોય.

કેટલાક મહાત્માઓ પાસે એવી ઉપદેશલબ્ધિ હોય છે કે એમનો ઉપદેશ સાંભળતાં જ બીજાનાં જીવન ઉપર ઘણી ઊંડી અસર પડે છે. વજસ્વામી પાસે અને બીજા પણ અનેક મહાત્માઓ પાસે એવી ઉપદેશલબ્ધિ હતી.

જેઓ ધર્મકથા દ્વારા શ્રોતાને ધર્મના રંગે રંગી ધર્મશ્રદ્ધા ઉપજાવે અને ધર્મબોધમાં સ્થિર કરી શકે તેઓ ધર્મકથક નામના પ્રભાવક કહેવાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ કળામાં ધર્મકળા શ્રેષ્ઠ કળા છે. ઉદાહરણો સહિત અને યુક્તિપૂર્વક શાસ્ત્રની વાતો સાંભળીને જડ માણસો પણ કોમળ અને સરળ બની જાય છે. કહેવાતા નાસ્તિક માણસો પણ ધર્મકથા સાંભળી આસ્તિક બની જાય છે.

ઉત્તમ ધર્મકથા એવી હોય કે જે સાંભળતાં જ શ્રોતાના મનમાં અતિશય આનંદ થાય અને સાથે સાથે ધર્મબોધ પણ થાય. જૈન શાસ્ત્રગ્રંથોમાં ધર્મકથા ચાર પ્રકારની બતાવવામાં આવી છે : (૧) આક્ષેપણી, (૨) વિક્ષેપણી, (૩) સંવેગની અને (૪) નિર્વેદની.

આક્ષેપણી કથાના ચાર પેટા પ્રકાર છે : (૧) આચાર વગેરેને વર્ણવનારી તે આચારાક્ષેપણી કથા, (૨) પ્રમાદથી લાગેલાં દૂષણો દૂર કરવા માટે પ્રાયશ્ચિત લેવા રૂપી કથા તે વ્યવહારાક્ષેપણી કથા, (૩) શ્રોતાના મનના સંશયને મધુર વચન વડે દૂર કરનારી તે પ્રજ્ઞપ્ત્યાક્ષેપણી કથા અને (૪) સાંભળનારને ગમી જાય એવા નયથી, દૃષ્ટિકોણથી તત્ત્વનું નિરૂપણ કરનારી તે દૃષ્ટિવાદાક્ષેપણી કથા.

વિક્ષેપણી કથાના ચાર પેટા પ્રકાર છે : (૧) પોતાનો સિદ્ધાંત કહેતાં, સમજાવતાં, પરસિદ્ધાંત સમજાવવો, (૨) પરસિદ્ધાંત સમજાવતાં સમજાવતાં સ્વસિદ્ધાંત સ્થાપવો, (૩) સમવાદ કહેતાં મિથ્યાવાદ પણ સમજાવવો અને (૪) મિથ્યાવાદ સમજાવતાં સમવાદ સમજાવવો.

સંવેગની કથા સંસારની અસારતા સમજાવી ત્યાગ-વૈરાગ્ય ઉત્પન્ન કરે છે. તેના ચાર પેટા પ્રકાર છે ; (૧) આ લોક સંબંધી, (૨) પરલોક સંબંધી, (૩) પરશરીર સંબંધી અને (૪) સ્વશરીર સંબંધી.

નિર્વેદની કથા કામભોગના પદાર્થો તરફ અરુચિ પેદા કરી સંસાર પ્રત્યે નિર્વેદ, વિરક્તિ ઉત્પન્ન કરે છે. તેના ચાર પેટા પ્રકાર છે : (૧) આ લોકમાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ આ લોકમાં મળે છે એવું નિરૂપતી કથા, (૨) આ લોકમાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ પરલોકમાં મળે છે એવું વર્ણવતી કથા, (૩) પરલોકમાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ આ લોકમાં મળે છે એવું બતાવતી કથા, અને (૪) પરલોકમાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ પરલોકમાં પણ મળે છે એવું દર્શાવતી કથા.

ધર્મકથાનો લાભ બહુ મોટો છે. ગૌતમસ્વામીએ મહાવીર ભગવાનને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂછ્યું, 'હે ભગવંત ! ધર્મકથા સાંભળનારને અને સંભળાવનારને શો લાભ થાય છે ?'

ભગવાને કહ્યું, 'ધર્મકથા સાંભળવાથી કે સંભળાવવાથી જીવ સૌભાગ્યશાળી બને છે અને કર્મની નિર્જરા કરે છે.'

ધર્મકથા દ્વારા ઉપદેશ આપનારના ઉપદેશનો પ્રભાવ તો જ પડે છે જો એના પોતાના જીવનમાં પોતાનો ઉપદેશ બરાબર ઊતર્યો હોય.

તર્કયુક્ત દલીલોથી, નય અને નિક્ષેપથી, પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણથી શાસ્ત્રાર્થ કરવામાં કેટલાક મહાત્માઓ ઘણા નિપુણ હોય છે. એમણે દરેક વિષયનું પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષની દૃષ્ટિએ એવું ચિંતન કર્યું હોય છે કે એમની પાસે કોઈની દલીલ ચાલતી નથી. પ્રામાણિક જિજ્ઞાસુ માણસની પાસે જ્યારે દલીલ ન રહે અને પોતાના અજ્ઞાનની પ્રતીતિ થાય ત્યારે તે ઉત્સાહપૂર્વક સાચા દિલથી બીજાનો મત સ્વીકારવા તૈયાર થાય છે. કેટલાક મહાત્માઓ પાસે વાદ-વિવાદની એવી સરસ લબ્ધિ હોય છે કે અનેક લોકોના મોટા સમુદાય વચ્ચે કુશળતાપૂર્વક સરસ વાદ કરી શકે છે. પ્રાચીન સમયમાં રાજ્યના આશ્રયે, રાજાની અને વિદ્વાનોની ઉપસ્થિતિમાં આવી વાદસભાઓ યોજવામાં આવતી અને જેનો મત જીતે તેનો પ્રભાવ લોકોમાં વધતો. જે હારે તે વિજેતાનો શિષ્ય બની જાય એવી પરંપરા પણ હતી. મલ્લવાદીસૂરિ, વૃદ્ધવાદીસૂરિ, વાદિદેવસૂરિ, વાદી વેતાલ શાંતિસૂરિ વગેરે વાદવિદ્યામાં નિપુણ હતા અને એમણે વાદ દ્વારા ધર્મની સારી પ્રભાવના કરી હતી.

નૈમિત્તિક એટલે કાળ, ચોઘડિયું, પશુપક્ષીઓના અવાજો, સ્વપ્નો ઇત્યાદિ વિવિધ પ્રકારનાં લક્ષણો દ્વારા ત્રિકાળ સંબંધી લાભાલાભ વિશે આગાહી કરી શકનાર જ્ઞાની મહાત્માઓ. ભદ્રબાહુસ્વામી શ્રુતકેવલી હતા અને મહાન નૈમિત્તિક પણ હતા. નૈમિત્તિક પ્રભાવક પ્રસંગાનુસાર પોતાના નિમિત્તના જ્ઞાનનો ઉપયોગ કરી ધર્મની પ્રભાવના કરે છે.

જૈન ધર્મમાં તપશ્ચર્યા ઉપર ગણો ભાર મૂકવામાં આવ્યો છે. વળી જૈનોની તપશ્ચર્યા ઘણી આકરી ગણાય છે. ઉપવાસ, આયંબિલ વગેરે કઠિન તપશ્ચર્યાઓ જૈનોમાં જાણીતી છે. કેટલીક વ્યક્તિઓ આઠ, સોળ, એકવીસ, ત્રીસ, પિસ્તાલીસ એમ લગભગ સવાસો દિવસ સુધીના આહાર વગરના ઉપવાસ કરે છે. અકબર બાદશાહના સમયમાં ચંપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસ કર્યાનું કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તપથી રોગ દૂર થાય છે, ઇન્દ્રિયો સંયમમાં રહે છે; લબ્ધિ પ્રગટ થાય છે; આત્મશક્તિ ખીલે છે અને કર્મની નિર્જરા થાય છે. તપનો મહિમા જૈન ધર્મમાં બહુ મોટો છે.

તપની પ્રભાવનાથી ધર્મની વૃદ્ધિ થાય છે. કેટલાક માણસોનાં હૃદયમાં તપ પ્રત્યે સ્વાભાવિક રીતે જ ઉદાસીનતા કે અરુચિ હોય છે. એવા માણસોને તપનું માહાત્મ્ય સમજાય અને સ્વાનુભવથી પ્રતીતિ થાય તો તેઓ ઉત્તરોત્તર અધિક તપ કરવા લાગે છે.

ઉગ્ર તપશ્ચર્યાની બાબતમાં બધા ધર્મોમાં જૈન ધર્મ સર્વપ્રથમ છે. ભગવાન મહાવીર 'દીર્ઘ તપસ્વી' તરીકે સુપ્રસિદ્ધ છે. તપથી ધર્મની અનેરી પ્રભાવના થઈ શકે છે.

વિદ્યા-પ્રભાવક મહાત્માઓ પ્રજ્ઞપ્તિ વગેરે વિવિધ પ્રકારની વિદ્યાઓના જાણકાર હોય છે. વળી તેઓને શાસનદેવીની સહાય છે. પોતાની વિદ્યાઓ વડે તેઓ ચમત્કાર ભરેલી ઘટના કરી શકે છે. વજ્રસ્વામી, હેમચન્દ્રાચાર્ય વગેરે મહાત્માઓ એવી વિદ્યાઓ ધરાવનાર હતા. જરૂર પડે તો પોતાની વિદ્યાના પ્રભાવથી તેઓ રાજા કે લોકોને ધર્મ પમાડતા.

અંજન, ચૂર્ણ, લેપ, ગુટિકા વગેરેના વિવિધ યોગની સિદ્ધિ ધરાવનાર તથા વૈક્રિય વગેરે લબ્ધિ ધરાવનાર, સિદ્ધ યોગીઓ પોતાના તેવા અદ્ભુત પ્રયોગોથી ધર્મની અનન્ય પ્રભાવના કરી શકે છે. પાદલિપ્તસૂરિ વગેરે મહાન આચાર્યોએ એવી ધર્મપ્રભાવના કરી હતી.

જેમની પાસે બીજાને પ્રતિબોધ પમાડે એવી કાવ્યરચનાની અદ્ભુત શક્તિ હોય એવા મહાપુરુષોને કવિ-પ્રભાવક તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય માણસ કરતાં કવિની વાણી વિશિષ્ટ પ્રકારની હોય છે. અનેક લોકોને તેઓ મુગ્ધ કરે છે. કવિતા વાંચતાં વાચકોને અતિશય આનંદ થાય છે. કવિત્વશક્તિ નૈસર્ગિક છે. બધાંમાં એ નથી હોતી. એટલે જેની પાસે આ વિશિષ્ટ શક્તિ હોય તેને સાંભળવા માટે અનેક લોકો ઉત્સુક હોય છે. સિદ્ધસેન દિવાકર, માનતુંગસૂરિ, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, ઉપાધ્યાય યશોવિજયજી, આનંદઘનજી, દેવચંદ્રજી વગેરેની કૃતિઓ સૈકાઓ થયાં હજુ વંચાય છે. અનેકનાં જીવન ઉપર એ કૃતિઓએ અસર કરી છે. શ્રીમદ્ રાજચંદ્રનાં કેટલાંક પદોએ કેટલાંયનાં જીવનમાં પરિવર્તન આણ્યું છે. કેટલાકની પાસે એવી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કવિત્વશક્તિ હોય છે કે તેઓ પ્રસંગાનુસાર તરત રચના કરી શકે. એવા કવિઓને શીઘ્ર કવિ કે આશુ કવિ કહેવામાં આવે છે. તેઓ પણ પોતાની વિશિષ્ટ કવિત્વશક્તિ દ્વારા ધર્મનો સારો પ્રભાવ કરી શકે છે.

વર્તમાન સમયમાં પ્રચારનાં માધ્યમો વધ્યાં છે. છાપાં, સામયિક, રેડિયો, ચલચિત્ર, ટી.વી., વિડિયો ફિલ્મ વગેરે પ્રકારનાં માધ્યમો દ્વારા કોઈ એક વાત અલ્પ સમયમાં લાખો કે કરોડો માણસો સુધી પહોંચી જઈ શકે છે. આવાં માધ્યમો દ્વારા પણ ધર્મની સરસ પ્રભાવના થઈ શકે છે. જેની પાસે આવાં માધ્યમના ઉપયોગની આવડત કે શક્તિ સારા પ્રમાણમાં હોય છે તેઓ ધર્મનો સારો પ્રચાર કરી શકે છે. અલબત્ત જો સાતત્ય ન હોય તો આવો પ્રચાર પણ અલ્પજીવી બની જાય છે. વળી પ્રચારકની પોતાની પાત્રતા બરાબર ન હોય તો ધર્મના નામે જાણતાં-અજાણતાં ખોટો પ્રચાર થવાનો સંભવ પણ રહે છે. વળી મોટાં પ્રચાર-માધ્યમો માટે નિરંતર પ્રચાર-સામગ્રી અને બહુસંખ્ય પ્રચારકોની અપેક્ષા રહે છે. પરિણામે અનેક સાચા-ખોટા માણસો આવાં ક્ષેત્રોમાં ઘૂસે છે. એટલે કેટલીક વાર પ્રચાર કરતાં પ્રચારનો આભાસ જ માત્ર રહે છે. મોટાં પ્રચાર-માધ્યમોની શક્તિ જેમ મોટી છે તેમ એની મર્યાદાઓ પણ મોટી છે. સાચવીને વાપરવા જેવાં એ માધ્યમો છે. એનાં પ્રલોભનોમાં ઉતાવળે પડવા જેવું નથી.

પ્રચાર-માધ્યમો ગમે તેટલાં વધે તો પણ જેના જીવનમાં ધર્મ ચરિતાર્થ થયો છે એવી વ્યક્તિ દ્વારા ધર્મની જેટલી સંગીન પ્રભાવના થઈ શકે તેટલી અન્યથી ન થઈ શકે.

જે મહાન ધર્મપ્રભાવકોમાં સમ્યગ્દર્શનની જ્યોતિ અનેરી ઝગમગે છે તેઓનું કર્તવ્ય છે કે પોતાની એ જ્યોતિને પ્રકાશિત રાખવા અને અન્યમાં એ જ્યોતિને પ્રગટાવવા માટે દર્શનાચારનાં લક્ષણો પોતાના જીવનમાં સારી રીતે ઉતારે. એવા મહાન પ્રભાવકો દ્વારા ધર્મની ઘણી મોટી પ્રભાવના થઈ શકે છે. એવી પ્રભાવના જ ચિરકાળ ટકી શકે છે.

❒

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org